***<u>મે. એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી કેસ નં.–૧૬૮૮/૨૦૨૫.</u>**

**આંક–૮**

**શ્રી સરકાર.** ***.....ફરીયાદી.***

**વિરૂદ્ધ**

(૨) રામદેવસિંહ શાંતુભા ગોહિલ.

***.....આરોપી.***

***ગુનો :–<u>ધિ પ્રોહિ. એકટની કલમ–૬૫(એ)(એ) તથા ૮૧ મુજબ .</u>***

**<u>–: ચુકાદો :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરૂદ્ધ ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૫(એ)(એ) તથા ૮૧ મુજબના શિક્ષા પાત્ર ગુનાનું આંક–૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ.

(૨) આરોપી નં.–૨ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ રાખી, જણાવેલ છે કે તેઓને ગુનો કબુલ–મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂદ્ધના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી તેમજ તે ગરીબ વર્ગનાં, કુટુંબ– કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી, માંડ–માંડ તેઓના કુટુંબનું ભરણપોષણ કરે છે જેથી દયા રાખી, યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપી નં.–૨ને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ–મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણનથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ઘ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોઈ, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોઈ, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો,

કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે જેથી, આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોઈ, આરોપી એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યક્ત કરેલ હોઈ, ભવિષ્યમાં આ પ્રકાર નો ગુનો નહીં બને તેમ જણાવતા હોઈ, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલ રજૂઆતોને લક્ષમાં લેતા તેમજ ***નામ. ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., પાના નં.–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર***ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ, ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહું ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંત આરોપીના કેસની હકીકતોને લાગુ પડે છે જેથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ, કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા, ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રેની અદાલત નમ્રપણે માને છે જેથી, કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા, આરોપીને હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ માની, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના આરોપી નં.–૨ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૫(એ)(એ) તથા ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી, રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો, આરોપી ને દિન–૫ની સાદી કેદની શિક્ષા ભોગવવાનો આથી, હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી નં.–૧ સામેના હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૪, માહે–માર્ચ સને–૨૦૨૬ના રોજ લોક–અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
એડિશ્નલ ચીફ જ્યુડિ.મેજિ.–તળાજા.
(કોડ નં.–જી.જે.–૦૦૮૮૮)

એચ.બી.જોષી.

**પાવતી નં.–.................**
**રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા)**
**તા.૧૪/૩/૨૦૨૬.**

**રજિસ્ટ્રાર–કમ–નાઝીર,**
**એડિ. ચીફ જ્યુડિ. મેજિ. કોર્ટ, તળાજા.**